# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-09-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ 70 વર્ષથી ઉંમરની વ્યક્તિને મફત વીમાનો લાભ એક સપ્તાહમાં અમલી બનશે
- ✓ ભારતને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનાવવામાં ઉડ્ડયન ક્ષેત્રની મહત્વની ભૂમિકા હોવાનું જણાવતા પ્રધાનમંત્રી મોદી
- ✓ ઓડિશામાં યુનિફોર્મવાળી સેવાઓમાં ભૂતપૂર્વ અગ્નિવીરો માટે 10 ટકા અનામત, વય મર્યાદામાં છુટછાટ અને શારિરીક કસોટીમાંથી મુક્તિ
- ✓ રાજસ્થાનમાં મોસમનાં 26 ઇંચ વરસાદ સાથે છેલ્લાં 49 વર્ષનો વરસાદનો વિક્રમ તૂટ્યોઃ
- ✓ અમેરિકાનાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સામે રાષ્ટ્રપતિ માટેની ચર્ચામાં ભાગ લેવાનો ઇનકાર કર્યો
- ✓ બ્રસેલ્સમાં આજથી શરૂ થતી 2024 ડાયમંડ લીગ ફાઇનલમાં ભાલા ફેંક ખેલાડી નીરજ ચોપડા અને સ્ટીપલચેઝ રનર અવિનાશ સાબલે ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

## *AB PMJAY*

**આયુષ્માન ભારત પ્રધાન મંત્રી જન આરોગ્ય યોજના-** AB PMJAY **હેઠળ આવરી લેવામાં આવેલા તમામ પાત્ર વરિષ્ઠ નાગરિકોને યોજના હેઠળ એક નવું, વિશિષ્ટ કાર્ડ આપવામાં આવશે.**

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે કે 70 કે તેનાંથી વધુ ઉંમરની કોઈ પણ વ્યક્તિ આ યોજના માટે અરજી કરવા પાત્ર હશે. આ યોજના એક સપ્તાહમાં કાર્યરત થવાની ધારણા છે. આ એક એપ્લિકેશન-આધારિત યોજના છે, અને લોકોએ પોર્ટલ પર નોંધણી કરાવવાની રહેશે. પોર્ટલ પર ફેસ ઓથેન્ટિકેશન કરાવ્યા બાદ લિંક મોકલવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું કે ખાનગી વીમો ધરાવતા તથા  કર્મચારી રાજ્ય વીમા નિગમ -ESICનાં લાભાર્થીઓ પણ AB PMJAY યોજના માટે અરજી કરી શકે છે.

.................

## PM AVIATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતને વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનાવવામાં ઉડ્ડયન ક્ષેત્રએ મહત્વની ભૂમિકા ભજવી છે. આ ક્ષેત્ર દ્વારા સરકાર લોકો, સંસ્કૃતિ અને સમૃદ્ધિને જોડવાનું કામ કરી રહી છે. ગઈ કાલે નવી દિલ્હીમાં નાગરિક ઉડ્ડયન પર એશિયા-પેસિફિક મંત્રી સ્તરીય પરિષદને સંબોધતા, શ્રી મોદીએ જણાવ્યું હતું કે વધતા જતા મધ્યમ વર્ગને કારણે માંગ વધવાથી આ ક્ષેત્રએ પ્રગતિ સાધી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર નોંધપાત્ર પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, નાગરિકો માટે મુસાફરી સુગમ થઈ રહી છે અને કનેક્ટિવિટીને વેગ મળી રહ્યો છે.

.................

## ODISHA AGEEVEERS

ઓડિશા સરકારે યુનિફોર્મવાળી સેવાઓમાં ભૂતપૂર્વ અગ્નિવીરો માટે 10 ટકા અનામત, વય મર્યાદામાં ત્રણ વર્ષની છુટછાટ અને શારિરીક કસોટીમાંથી મુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી મોહન ચરણ માઝીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં લેવાયેલો આ નિર્ણય ભૂતપૂર્વ અગ્નિવીરોને પોલીસ, વન,

આબકારી, અગ્નિશમન સેવા અથવા રાજ્ય સરકાર દ્વારા નિર્ધારિત અન્ય સેવાઓમાં રોજગારની તક પ્રદાન કરશે.

.................

## *INDIA – CHINA*

ભારત અને ચીન નિયંત્રણ રેખાનાં બાકીનાં વિસ્તારોમાંથી સંપૂર્ણપણે હટી જવાના પોતાનાં પ્રયત્નો બમણા કરવા અને તેની જરૂરિયાત પર કામ કરવા સંમત થયા છે. રશિયાનાં સેન્ટ પિટ્સબર્ગમાં ભારતના રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત ડોભાલ અને ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના પોલિટ બ્યુરોના સભ્ય અને કેન્દ્રીય વિદેશી બાબતોનાં આયોગના નિદેશક વાંગ ઇ વચ્ચેની બેઠકમાં આ સમજૂતિ થઈ હતી.

આ બેઠક સલામતી બાબતો માટે જવાબદાર બ્રિક્સના ઉચ્ચ અધિકારીઓ અને રાષ્ટ્રીય સલામતી સલાહકારોની બેઠકથી અલગ હતી. બેઠકમાં શ્રી ડોભાલે સ્પષ્ટ કર્યું કે દ્વિપક્ષીય સંબંધો સામાન્ય બનાવવા માટે સરહદી વિસ્તારોમાં શાંતિ અને વાસ્તવિક અંકુશ રેખાનું સન્માન જરૂરી છે. બંને પક્ષોએ સંબંધિત દ્વિપક્ષીય સમજૂતિઓ, પ્રોટોકોલ અને પરસ્પર સમજનું સંપુર્ણપણે પાલન કરવું જોઇએ.

એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને પક્ષો સંમત થયા હતા કે ભારત-ચીન દ્વિપક્ષીય સંબંધ માત્ર બે દેશો માટે જ નહીં, પરંતુ ક્ષેત્ર અને વિશ્વ માટે પણ મહત્વપૂર્ણ છે.

.................

## *RAIN*

રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને આંધ્રપ્રદેશ સહિતનાં કેટલાંક રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદને પગલે જનજીવન ખોરવાઈ ગયું છે.

રાજસ્થાનમાં આ ચોમાસામાં 26 વરસાદ વરસી ચૂક્યો છે, જેણે 49 વર્ષનો વિક્રમ તોડ્યો છે. આ ચોમાસામાં રાજ્યમાં સરેરાશ કરતા 61 ટકા વરસાદ પડ્યો છે.

અગાઉ વર્ષ 1975માં 26 ઇંચ વરસાદ પડ્યો હતો. ધોલપુર, દૌસા, ભરતપુર, ઝાલાવાડ, કરૌલી અને બારન સહિતનાં 35 નગર અને શહેરોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો છે.

ધોલપુર જિલ્લામાં ભારે વરસાદને પગલે એક મકાન તૂટી પડતાં બે બાળકોનાં મૃત્યુ થયા છે. વહીવટીતંત્રએ કેટલાંક જિલ્લાની શાળાઓમાં આજે રજા જાહેર કરી છે. અતિવૃષ્ટિને કારણે ખરીફ પાકને મોટું નુકસાન થયું છે. પૂર્વના જિલ્લાનાં અનેક શહેરોમાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે. રાજ્યનાં મોટા ભાગના જળાશયો છલકાઈ ગયા છે.

દરમિયાન, ઉત્તરપ્રદેશમાં પણ ભારેથી અતિભારે વરસાદનાં અહેવાલ છે. ઝાંસી, અલીગઢ, ફરુખાબાદ, આગ્રા અને મથુરા જિલ્લામાં છેલ્લાં 24 કલાકથી મુસળધાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે રાજ્યનાં અનેક ભાગોમાં રેડ અને ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

મધ્યપ્રદેશમાં છેલ્લાં કેટલાંક દિવસથી સતત વરસાદને કારણે કેટલાંક જિલ્લામાં પૂર જેવી સ્થિતિ પ્રવર્તે છે. મુખ્યમંત્રી ડોક્ટર મોહન યાદવે તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને રજા ન લેવાનો નિર્દેશ આપ્યો છે.

દરમિયાન, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સંયુક્ત સચિવ અનિલ સુબ્રમણ્યમનાં નેતૃત્વમાં કેન્દ્રીય ટીમે ગઈ કાલે  આંધ્રપ્રદેશના પુરગ્રસ્ત જિલ્લાઓનુ મુલાકાત લીધી હતી. નિષ્ણાતોની ટીમે ભારે નુકસાનથી થયેલા નુકસાનું વિશ્લેષણ કર્યું હતું અને અમરાવતીમાં મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુની મુલાકાત લીધી હતી.

હવામાન વિભાગે ઉત્તરાખંડમાં અતિ ભારે વરસાદ માટેનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં આગામી થોડા દિવસોમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. મધ્ય ભારતમાં સર્જાયેલા હવાનં દબાણને પરિણામે મુસળધાર વરસાદની સંભાવના છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *TRUMP HARRIS DEBATE*

અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ સામે રાષ્ટ્રપતિની હવે પછીની ચર્ચાઓમાં ભાગ લેવાનો ઇન્કાર કર્યો છે. ટ્રુથ સોશિયલ પોસ્ટમાં ટ્રમ્પે ફિલાડેલ્ફિયામાં તાજેતરમાં કમલા હેરિસ સાથે થયેલી પ્રારંભિક ચર્ચામાં વિજયનો દાવો કર્યો હતો અને હેરિસ પર મોટાં ન્યૂઝ નેટવર્ક તરફથી આમંત્રણો ટાળવાનો આરોપ મૂક્યો હતો.

જોકે કમલા હેરિસે વધુ ચર્ચાઓ માટે હાકલ કરતા જણાવ્યું કે મતદારો ચર્ચાઓ ચાલુ રાખવાની તરફેણમાં છે. એક સર્વે દર્શાવે છે કે 63% ચર્ચા નિરીક્ષકોને લાગ્યું કે હેરિસ વધુ સારું પ્રદર્શન કરે છે. વિશ્લેષણ પ્રમાણે, હેરિસના પ્રદર્શનથી ડેમોક્રેટિક પક્ષના મતદારોમાં ઉત્સાહ છે, જ્યારે રિપબ્લિકન્સે ચર્ચામાં કરાયેલા પ્રશ્નો અને ટ્રમ્પના વ્યૂહાત્મક અભિગમની ટીકા કરી હતી.

.................

## *DIAMOND LEAGUE*

બેલ્જિયમના બ્રસેલ્સમાં આજથી શરૂ થતી ડાયમંડ લીગ 2024ની ફાઇનલમાં પેરિસ ઓલિમ્પિક્સના રજતચંદ્રક વિજેતા ભાલા ફેંક ખેલાડી નીરજ ચોપડા અને સ્ટીપલચેઝ રનર અવિનાશ સાબલે ભારતનું પ્રતિનિધિત્વ કરશે. આ વર્ષની ડાયમંડ

લીગની અંતિમ  સ્પર્ધા આલિયાન્ઝ મેમોરિયલ વેન ડેમેમાં ટોચના એથ્લેટ્સ તેમની રમતમાં જીત મેળવવા મેદાનમાં ઉતરશે.

આજે ભારતીય સ્ટીપલ ચેઝર અવિનાશ સાબલે ડાયમંડ લીગની ફાઈનલમાં પદાર્પણ કરશે. હાલમાં 14મા ક્રમે રહેલા સાબલેને મજબૂત સ્પર્ધકોનો સામનો કરવો પડશે.

આવતીકાલે બીજા દિવસે, નીરજ ચોપડા ભાલા ફેંકની ફાઇનલમાં ભાગ લેશે. ચોપડા હાલમાં 14 પોઈન્ટ સાથે ચોથા સ્થાને છે.

.................

## *JITENDRA SINGH CLEANLINESS*

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર જિતેન્દ્ર સિંહ આજે ખાસ સ્વચ્છતા અભિયાન 4.0 ની પ્રગતિ પર નજર રાખવા માટે એક સમર્પિત ઓનલાઈન પોર્ટલ લોન્ચ કરશે. આ વિશેષ ઝુંબેશનો હેતુ કેન્દ્ર સરકારની તમામ કચેરીઓમાં સંતૃપ્તિનાં અભિગમ સાથે સ્વચ્છતાને સંસ્થાકીય બનાવવાનો છે. સરકારે સ્વચ્છતાને સંસ્થાકીય બનાવવા અને વિલંબ ઘટાડવા માટે દર વર્ષે 2થી 31 ઓક્ટોબર દરમિયાન વિશેષ ઝુંબેશ ઉજવવાનું નક્કી કર્યું છે. આની તૈયારી રૂપે 16 થી 30 સપ્ટેમ્બર સુધી ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે.

.................

## *RUSSIA INDIAN ARMY*

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રશિયાની મુલાકાત બાદ 35 ભારતીય નાગરિકોને રશિયન સેનામાંથી મુક્ત કરવામાં આવ્યા છે. મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે લગભગ 50 ભારતીય નાગરિકો હજુ પણ રશિયન સેનામાં છે અને તેમને શક્ય તેટલી વહેલી તકે મુક્ત કરાવીને ભારત પરત લાવવા માટે ભારત સરકાર ગંભીરતાથી કામ કરી રહી છે. આ સાથે મુક્ત કરાયેલા

ભારતીયોની કુલ સંખ્યા 45 થઈ ગઈ છે. પ્રધાનમંત્રીની મુલાકાત અગાઉ 10 ભારતીય નાગરિકોને મુક્ત કરવામાં આવ્યા હતા.

ભારત-ચીન સંબંધો પર વિદેશ મંત્રીના નિવેદનો વિશે પૂછવામાં આવતા, શ્રી જયસ્વાલે કહ્યું કે, મંત્રીશ્રીએ તાજેતરમાં બર્લિન અને નવી દિલ્હી સહિત અનેક અનેક સ્થળોએ આ મુદ્દા પર વાત કરી છે. તેમણે એ પણ ઉલ્લેખ કર્યો છે કે વિદેશ મંત્રાલય ચીન સાથેની વાતચીતનાં ઘટનાક્રમ પર નજર રાખી રહ્યું છે.

.................

## <u>હવે આજના અખબારોના મુખ્ય સમાચારો સાથે મારા સહયોગી *હર્ષ લેઉઆ*</u>

- આજે મોટાભાગના અખબારોમાં મમતા બેનરજીના માફી અને રાજીનામા અંગેના સમાચાર તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુખ્યન્યાયાધિશ ડી.વાય.ચંદ્રચૂડના ઘરની મુલાકાત મામલે વિવાદના સમાચાર પ્રથમ પાને પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે, સરકાર તરફથી પેટ્રોલ અને ડીઝલ સસ્તા થવાની આશા.
- રાજસ્થાન પત્રિકાના પ્રથમ પાને પૃથ્વીથી 700 કિ.મી. ઉંચાઈ પર અબજપતિ આઈસેક મેનની પ્રાઇવેટ સ્પેસવોકના સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.
- સંદેશની હેડલાઈનમાં છે સેન્સેક્સે 83 હજાર 166 અને નિફ્ટીએ 25 હજાર 433 પોઈન્ટ પર નવી ટોચની સપાટી બનાવી.
- ગુજરાત સમાચારે મધ્યપ્રદેશમાં વરસાદથી 400 વર્ષ જૂના કિલ્લાની દિવાલ તૂટતાં સાતના મોત થયાની ઘટનાને પ્રથમ પાને આવરી છે.
- ઇન્ડિયન એક્સપ્રેસે અજિત દોવાલની ચીનના વાંગ યી સાથેની મુલાકાતને પ્રથમ પાને આવરી છે.

- ફૂલછાબની હેડલાઈન છે પીઢ સામ્યવાદી નેતા સીતારામ યેચૂરીનું નિધન અને અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર આજે ફેંસલો.

.................